**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને મોરેશિયસના પ્રધાનમંત્રી મહામહિમ નવીનચંદ્ર રામગુલામે સંયુક્તપણે મોરેશિયસમાં અટલ બિહારી વાજપેયી લોક સેવા અને નવાચાર સંસ્થાનું ઉદ્ઘાટન કર્યું (12 માર્ચ, 2025)**

12 માર્ચ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને મોરેશિયસના પ્રધાનમંત્રી મહામહિમ નવીનચંદ્ર રામગુલામે આજે મોરિશિયસના રેડુઇટમાં અટલ બિહારી વાજપેયી લોક સેવા અને નવાચાર સંસ્થાનું સંયુક્તપણે ઉદ્ઘાટન કર્યું હતું. ભારત-મોરેશિયસ વિકાસ ભાગીદારી હેઠળ અમલીકૃત આ સીમાચિહ્ન પ્રોજેક્ટ, મોરેશિયસમાં ક્ષમતા નિર્માણ માટે ભારતની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

2. 2017ના MoU અંતર્ગત 4.74 મિલિયન અમેરિકી ડોલરના અનુદાન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું, અત્યાધુનિક સંસ્થા મંત્રાલયો, સાર્વજનિક કાર્યાલયો, અર્ધ-સરકારી નિકાયો અને સરકારી સાહસોમાં મોરેશિયન સિવિલ સેવકોની તાલીમની જરૂરિયાતોને પૂર્ણ કરશે. તાલીમ સિવાય, સંસ્થા લોક પ્રશાસનમાં ઉત્કૃષ્ટતા કેન્દ્ર તરીકે કામ કરશે, અનુસંધાન, શાસન અભ્યાસ અને ભારત સાથે સંસ્થાગત સંબંધોને પ્રોત્સાહન આપશે.

3. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ ITEC અને ભારત સરકારની શિષ્યવૃત્તિ પ્રાપ્ત પૂર્વ વિદ્યાર્થીઓ સાથે પણ વાતચીત કરી હતી, જેમણે અગાઉ ભારતમાં તાલીમ અને શિક્ષણ લીધું છે. આ ક્ષમતા નિર્માણના આદાન-પ્રદાનોએ બે દેશો વચ્ચે લોકોથી લોકોના પરસ્પર મજબૂત સંબંધોને ઊંડાણપૂર્વક વધાર્યા છે.

4. વૈશ્વિક દક્ષિણ માટે ભારતની પ્રતિબદ્ધતા સાથે સંરેખિત, સંસ્થા હિંદ મહાસાગર ક્ષેત્રમાં વિશ્વસનીય ભાગીદાર તરીકે ભારતની ભૂમિકા અને વ્યાપક ભારત-મોરેશિયસ ભાગીદારીને મજબૂત કરવાની તેની અટલ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

પોર્ટ લુઇ

12 માર્ચ, 2025